# સે-૧૧ રામકથા મેદાન પાસે માર્ગો પર પાણી ઉભરાતા વાહનચાલકો પરેશાન

## સેકટરોમાં પાણી અને સ્ટોર્મ વોટર લાઇન સહીત ગટરો ઉભરાતી હોવાની ફરિયાદો વધુ



ગાંધીનગર તા ૧

ગાંધીનગરમાં સેકટરોમાં ગટર લાઈન ઉભરાતી હોવાની ફરિયાદો વચ્ચે સ્ટોર્મ વોટર લાઈનમાંથી પણ પાણી માર્ગો પર ફરી વળતા હોવાનુ ધ્યાને આવે છે. વરસાદી પાણીના નિકાલની લાઈનના કામ દરમિયાન અત્યાર સુધી સ્થાનિકો મોટા મસ ગાબડાના લીધે અનોકવાર પરેશાની ભોગવી ચુક્યા છે. જયારે હાલ પણ અનોકવાર પાણી લીક થતુ હોવાની ફરિયાદો ઉઠવા પામે છે. સે-૧૧ સ્થિત રામકથા મેદાન પાસેની લાઈનમાં લીકેજના લીધે માર્ગ પર પાણીનો ભરાવો થતા વાહનચાલકોને પરેશાની વેઠવી પડે છે.

**સેકટરોમાં પણ અનેક ઠેકાણે વરસાદી પાણીના નિકાલની લાઇનમાંથી પાણી બેક મારતુ હોવાની ફરિયાદો પણ ઉઠવા પામી છે જયારે ગટર લાઇન ઉભરાતા પણ સેકટરોમાં દુષિત પાણીનો ભરાવો થાય છે**

ગાંધીનગરમાં વરસાદી દિવસો પુર્વે જ ઘણા ઠેકાણે પાણી ઉભરાતુ જોવા મળે છે. શહેરના સેકટરોમાં પણ અનેક ઠેકાણે વરસાદી પાણીના નિકાલની લાઈનમાંથી પાણી બેક મારતુ હોવાની ફરિયાદો પણ ઉઠવા પામી છે જયારે ગટર લાઈન ઉભરાતા પણ સેકટરોમાં દુષિત પાણીનો ભરાવો થાય છે. ઠંડીના દિવસોમાં પાણીનો વપરાશ ઘટતા લાઈનમાં લીકેજીસની સમસ્યા વધે છે. પરંતુ હાલ ગરમીના દિવસોમાં પણ પાણીની લાઈનમાં લીકેજીસની ફરિયાદો વધી છે. શહેરના સેકટરોમાં એકબાજુ પાણી ગટરના નેટવર્કને અપગ્રેડ કરવા માટે પણ આયોજન કરવામાં આવ્યુ છે. જેમાં પાણી ગટરની મોટાડાયામીટરની લાઈન નાંખવા માટે પણ કામગીરી કરવામાં આવશે. જયારે હાલ વરસાદી દિવસો પુર્વે સેકટરોમાં વારંવાર લાઈન ઉભરાતી હોવાની ફરિયાદો પણ વધી છે. વાવાઝોડાના અંતે પણ અનેક ઠેકાણે લાઈનમાં કચરો ભરાઈ ગયો હોવાનુ પણ ધ્યાનો આવી રહ્યુ છે. જેના લીધે આ સમસ્યા જટીલ બની છે.

હાલ સે-૧૧ સ્થિત રામકથા મેદાન પાસે પણ પાણીનો ભરાવો થયો છે. થોડા દિવસો અગાઉ વરસાદી વાવાઝોડાના લીધે આ મેદાનમાં પાણી ભરાયુ હતુ. જયારે આસપાસ સ્થિત બિલ્ડીંગના પાણીનો નિકાલ થતા પણ આ ઠેકાણે પાણી જમા થતુ હોવાનુ પણ ધ્યાને આવ્યુ હતુ. જો કે હાલ વરસાદી પાણીના નિકાલની લાઈનમાંથી પાણી લીકેજ થતુ હોવાનુ મનાઈ રહ્યુ છે. જેના લીધે આ વિસ્તારમાં માર્ગો પર પાણી ફરી વળ્યુ છે. વરસાદી દિવસોની જેમ શહેરના સેકટરોમાં કેટલાક ઠેકાણે પાણીનો ભરાવો થઈ રહ્યો છે. ત્યારે આ પ્રકારની ફરિયાદોનુ ત્વરિત નિરાકરણ આવે તેવી માંગ પણ ઉઠવા પામી છે.

# જિલ્લાના ૪૪ ગામોએ નર્મદાનું પાણી લેવાનો ઈન્કાર કરી દીધો

## ગાંધીનગરના ૯, કલોલના ૨૩, માણસાના ૫, દહેગામના ૭ ગામોએ પાણી લેવાનો ઈન્કાર કર્યો

ગાંધીનગર, તા. ૧

ગાંધીનગર જિલ્લાના ૪૪ ગામોએ નર્મદાનું પાણી નહિ લેવાનો નિર્ણય કર્યો છે.

જિલ્લામાં લોકોને શુદ્ધ પીવાનું પાણી મળી રહે તે માટે નર્મદાનું પાણી આપવા માટેનું નેટવર્ક પણ તંત્ર દ્વારા તૈયાર કરવામાં આવેલ છે પણ ૪૪ ગામોએ આ પાણી લેવાનો ઈન્કાર કર્યો છે.

જિલ્લામાં અગાઉ ૧૦૦થી પણ વધુ ગામો નર્મદાનું પાણી લેતા ન હતા પરંતુ આ પછી તંત્રએ ખાસ અભિયાન છેલ્લા સાતેક વર્ષથી ચાલુ કર્યુ હતુ અને તેમાં સારી સફળતા મળી હતી. જો કે આ મુદ્દે છેલ્લા બે વર્ષથી તંત્રના આ અભિયાનમાં પણ ઓટ આવી હોવાનું સ્પષ્ટ દેખાઈ રહ્યુ છે.

જિલ્લાના જે ૪૪ ગામોએ નર્મદાનું પાણી લેવાનો ઈન્કાર કર્યો છે તેમાં કલોલ તાલુકાના ૨૩, ગાંધીનગરના ૯, માણસાના ૫ અને દહેગામ તાલુકાના ૭ ગામોનો સમાવેશ થાય છે.

જિલ્લાના પાણી પુરવઠા વિભાગે પણ આ ગામોના ભૂગર્ભ જળના સ્તર નીચે ઉતરી રહ્યાનું જણાવી તાકીદે આ ગામો ઝડપથી પાણી લેતા થાય તે જોવા તંત્રનો સહયોગ માગ્યો હોવાનું જાણવા મળેલ છે.

ગાંધીનગર જિલ્લો એ ભૂગર્ભ જળ માટે ઓવર એક્સ્પોલોઈરેઝશન કેટેગરીમાં આવે છે. અહિ ભૂગર્ભ જળ ઊંડા જતા હવે પાણીની મોટરો પણ વધુ હોર્સ પાવરની વાપરવી પડે છે.

જિલ્લામાં પેયજળનો પુરવઠો અને તેની ગુણવત્તાને લઈ પણ તંત્ર દ્વારા મોનીટરીંગ થતુ રહ્યુ છે અને જિલ્લામાં છેલ્લે ૧૦ ગામોના પાણીના નમૂના નાપાસ પણ થયા હતા. તંત્ર હવે પાણીના મુદ્દે ઝડપથી યોગ્ય, અસરકારક કાર્યવાહી કરે તેમ સૌ ઈચ્છી રહ્યા છે.

# આરોગ્ય અગ્રસચિવ જ્યંતિ રવિની બદલી

ગાંધીનગર,તા.૧

ગુજરાતના આરોગ્ય સચિવ ડૉ. જયંતિ રવિની બદલી કરવામાં આવી છે. જયંતિ રવિને કેન્દ્રમાં પ્રતિનિયુક્તિ પર મોકલવામાં આવ્યા છે. જયંતિ રવિને તમિલનાડુના એરોવિલ ફાઉન્ડેશનના સેક્રેટરી બનાવવામાં આવ્યા છે. ૧૯૯૧ બેંચના સીનિયર IAS અધિકારી અને ગુજરાતના મુખ્ય આરોગ્ય સચિવ જયંતી રવિ કોરોના વિરૂદ્ધ ગુજરાતની લડાઈનો ચહેરો રહ્યા છે.

જયંતિ રવિ મૂળ ચેન્નાઈ, તમિલનાડુના છે. ૧૭ ઓગસ્ટ,૧૯૬૭માં જન્મેલા જયંતિ રવિ ૧૯૯૧ની બેચના આઈએએસ અધિકારી છે.

# સ્માર્ટ સીટી પ્રોજેક્ટની ગ્રાન્ટનો હપ્તો આગામી દિવસોમાં મનપાને મળશે

ગાંધીનગર, તા. ૧

ગાંધીનગર શહેરને સ્માર્ટ સીટી પ્રોજેક્ટની ગ્રાન્ટનો વધુ એક હપ્તો આગામી દિવસોમાં કેન્દ્ર સરકાર દ્વારા ફાળવવામાં આવે તેવા સંકેતો મળ્યા છે.

ભારત સરકારના શહેરી વિકાસ વિભાગના સ્માર્ટ સીટી પ્રભાગ દ્વારા આજે આ અંગે ખાસ સમીક્ષા બેઠક યોજવામાં આવી હતી. ગાંધીનગર કોર્પોરેશન દ્વારા સ્માર્ટ સીટી પ્રોજેક્ટ અંતર્ગત અત્યાર સુધી થયેલી કામગીરી, થયેલ ખર્ચ તેમજ દર માસાન્તે થતા રેન્કીંગ સાથેની વિગતો આ સમીક્ષા બેઠકમાં રજુ કરી હતી.

મળતી વિગતો પ્રમાણે આ બેઠકમાં જ સ્માર્ટ સીટી પેટે મળનારી ગ્રાન્ટનો હપ્તો ટુંકમાં જ ફાળવવામાં આવશે તેવો સંકેત આપવામાં આવ્યો હતો. કેન્દ્ર સરકાર અને રાજ્ય સરકાર બન્ને ૫૦-૫૦ ટકા લેખે આ ગ્રાન્ટની ફાળવણી કરે છે. પાંચ વર્ષમાં રૂ. ૫૦૦ કરોડના વિકાસ કામો માટેની ગ્રાન્ટ ફાળવવાનો નિર્ણય કેન્દ્ર સરકારે કરેલો છે. ગાંધીનગર શહેરમાં સ્માર્ટ સીટી અંતર્ગત અત્યાર સુધીમાં ૩૦૦ કરોડથી વધુની ગ્રાન્ટ મળી ચુકી છે.

# જિલ્લા પંચાયતમાં ચેરમેનો માટેની ચેમ્બરોનો ઉકેલ ૩ મહિને આવ્યો !!

ગાંધીનગર, તા. ૧

ગાંધીનગર જિલ્લા પંચાયતમાં નવ નિયુક્ત ચેરમેનોને બેસવા માટેની ચેમ્બરોનો વિવાદ હવે શમી જવા પામ્યો છે. ત્રણ મહિના પછી નવા વરાયેલા ઉપપ્રમુખ ગુણવંતસિંહ ચાવડા ગુરૂવારે તેમની નવી ઓફિસમાં હોદ્દાનો કાર્યભાર સંભાળશે.

જિલ્લા પંચાયતમાં ૩ મહિના પછી ચેરમેનોની ચેમ્બરોનો વિવાદ શમવા પામ્યો છે. આ મુદ્દે સત્તાધારી ભાજપ અને વહીવટીય પાંખ વચ્ચે શીતયુદ્ધ ચાલતુ હતુ. જો કે હજુ મહિલા-બાળ વિકાસ સમિતિના ચેરમેન માટેની ચેમ્બર નિયત થઈ નથી.

જિલ્લા પંચાયતની કારોબારી સમિતિના નવા ચેરમેનને મહિલા બાળ વિકાસ સમિતિના ચેરમેન માટે બનાવાયેલ નાનકડી ચેમ્બર ફાળવવામાં આવી છે. કારોબારી સમિતિના ચેરમેન માટે જે અગાઉ ચેમ્બર હતી તે નાયબ જિલ્લા વિકાસ અધિકારીને ફાળવવામાં આવી છે.

જિલ્લા પંચાયતના નવા વરાયેલા ઉપપ્રમુખ ગુણવંતસિંહ ચાવડા ચૂંટાયા પછી બેસવા માટેની જગ્યા ન હોવાથી તેઓ પંચાયત કચેરીમાં આવતા જ ન હતા. આ પછી ઉભી થયેલી મડાગાંઠનો હવે અંત આવ્યો છે તેમને જુના ઉપપ્રમુખ ભરત પટેલ વાળી જ ચેમ્બર ફાળવવામાં આવી છે જ્યાં અગાઉ આઈ.ટી. ઓફિસર બેસતા હતા.

જિલ્લા પંચાયતમાં ચેરમેનોની ચેમ્બરોના વિવાદ હાલ શમી ગયો છે પણ ચૂંટાયેલી પાંખ અને વહીવટીય પાંખ વચ્ચે ચાલેલા શીતયુદ્ધથી બન્ને પાંખમાં થોડુ ઘણું મનદુઃખ અને કડવાશ હજુ પણ જોવા મળી રહી છે.

દરમ્યાન હવે પછી મળનારી સામાન્ય સભામાં જિલ્લા પંચાયતના નવા મકાન માટેનો પ્રસ્તાવ લાવી પંચાયત સંકુલમાં તમામ વ્યવસ્થાઓ ઉભી કરવામાં આવશે તેમ મનાઈ રહ્યું છે.

# સિવિલ હોસ્પિટલના માર્ગોની સુધારણા પાછળ ૪૦ લાખનો ખર્ચ કરાશે

## અનેક રજુઆતોના અંતે પીઆઇયુએ માર્ગ મકાન વિભાગને માર્ગ સુધારણા માટે દરખાસ્ત કરી : માર્ગોને ચકાચક બનાવવા ટુંકમાં કામ હાથ ધરાશે

ગાંધીનગર તા ૧

ગાંધીનગર સિવિલ હોસ્પિટલના સંકુલમાં છેલ્લા બે વર્ષથી ઉબડ ખાબડ માર્ગો દર્દીઓ તેમજ મુલાકાતીઓ માટે તોબારૂપ બન્યા છે. સિવિલ સંકુલના માર્ગોની સુધારણા માટે અનેકવાર રજુઆત પણ કરવામાં આવી હતી પરંતુ લાંબા સમયથી કોઈ આયોજન થતુ ન હતી. આખરે સિવિલ કેમ્પસના માર્ગોની સુધારણા માટે ટુંકમાં કામ હાથ ધરવાનો નિર્ણય લેવાયો છે. આ કામગીરી પાછળ અંદાજિત રૂ ૪૦ લાખનો ખર્ચ કરાશે.

ગાંધીનગર સિવિલ હોસ્પિટલના સંકુલના આંતરિક માર્ગો છેલ્લા ઘણાં સમયથી ઉબડ ખાબડ છે. કોરોના કાળમાં પણ સતત દાડતી એમ્બ્યુલન્સમાં દર્દીઓએ પણ ગાબડા ગ્રસ્ત માર્ગોના લીધે પારવાર હાલાકી વેઠવી પડે છે. સિવિલ સંકુલના માર્ગોના પેવર કામ માટે અનેકવાર રજુઆતો કરવામાં આવી છે. આમછતા લાંબા સમયથી માર્ગ

● અનુસંધાન પાન-૭ પર

# ધો.૧૨, ધો.૧૦ના રિપિટર્સની પરીક્ષાનો નવો કાર્યક્રમ જાહેર

ગાંધીનગર, તા. ૧

કોરોનાને કારણે વારંવાર બોર્ડની પરીક્ષાની તારીખો બદલવી પડી. આખરે હવે ધોરણ ૧૨ અને ધોરણ ૧૦ રીપીટરના વિદ્યાર્થીઓ માટે નવો પરીક્ષા કાર્યક્રમ બોર્ડ દ્વારા આજરોજ જાહેર કરવામાં આવ્યો છે. ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડની પરીક્ષાનો કાર્યક્રમ જાહેર કરવામાં આવ્યો છે. ધોરણ ૧૦ રીપીટર અને ધોરણ ૧૨ના વિદ્યાર્થીઓની પરીક્ષા ૧ જુલાઈથી ૧૬ જુલાઈ દરમિયાન લેવામાં આવશે.

ધોરણ ૧૨ સાયન્સની પરીક્ષાના કાર્યક્રમ અનુસાર ૧ જુલાઈથી પરીક્ષા શરૂ થશે જેમાં એક જુલાઈએ ભૌતિક વિજ્ઞાનનું પેપર હશે જ્યારે ૩ જુલાઈએ રસાયણ વિજ્ઞાન, ૫ જુલાઈએ જીવ વિજ્ઞાનનું પેપર, ૬ જુલાઈએ ગણિતનું પેપર, ૮ જુલાઈએ અંગ્રેજીનું પેપર, ૧૦ જુલાઈએ ભાષાના પેપર લેવાશે. તમામ પરીક્ષા બે ભાગમાં લેવાશે. પરીક્ષાનો સમય બપોરે ૨.૩૦ થી ૬ વાગ્યા સુધીનો રહેશે.

વર્તમાન પરિસ્થિતિને ધ્યાનમાં લઈને તમામ જગ્યા ઉપર કોરોના નિયમોનું પાલન કરવામાં આવશે, ત્યારે ધોરણ ૧૦ અને ૧૨ની બોર્ડની પરીક્ષા દરમિયાન પણ કોરોના નિયમોનું પાલન કરવાનું રહેશે, જેમાં બે વિદ્યાર્થીઓ વચ્ચે સામાજિક અંતર સેનેટાઈઝરની વ્યવસ્થા અને થર્મલથી ચેકિંગની વ્યવસ્થા પરીક્ષા કેન્દ્રો ઉપર કરવાની રહેશે. નિયમો પ્રમાણે જ એક વર્ગખંડમાં પરીક્ષાર્થીઓની હાજરી નિયમિત કરવામાં આવશે.

# જિલ્લામાં કોરોનાના ૧૭ નવા કેસ નોંધાયા

## દહેગામ-માણસામાં 3-3 કેસ નોંધાયા : પેથાપુરમાં 3 કેસ સહિત શહેરમાં ૧૧ કેસ નોંધાયા : ૬૭ દર્દીઓને ડિસ્ચાર્જ અપાયુ

ગાંધીનગર, તા. ૧

ગાંધીનગર જિલ્લામાં કોરોના સંક્રમણના ૧૭ કેસ નોંધાયા છે. જેમાં ગ્રામ્ય વિસ્તારમાં ૬ કેસ અને શહેરમાં ૧૧ કેસ નોંધાયા છે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આજે માત્ર બે જ તાલુકામાં કોરોનાના કેસો મળતાં તંત્રએ પણ રાહત અનુભવી છે. દહેગામ અને માણસા તાલુકામાં જ ૩-૩ કેસ નોંધાયા છે. આજે નોંધાયેલા કેસમાંથી એક દર્દીને સારવાર માટે હોસ્પિટલમાં દાખલ કરવામાં આવેલ છે.

દહેગામ તાલુકામાં લરગુડી, રખિયાલ અને સાણોદા ગામેથી કેસો મળી આવેલ છે. જ્યારે માણસા તાલુકામાંથી આજે બોરૂ, મહુડી અને સોજા ગામેથી કેસો મળી આવેલ છે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આજે વધુ ૨૪ દર્દીઓ રિકવર થતાં તેમને ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે. આ સાથે ગ્રામ્ય વિસ્તારમાં અત્યાર સુધીમાં ૯૩૦૯ દર્દીઓ સાજા થયા છે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આજે ૪૦૪ દર્દીઓ એક્ટીવ કેસ તરીકે સારવાર હેઠળ છે અને ૨૮૦૦ લોકોને હોમ ક્વોરોન્ટાઈન હેઠળ રાખવામાં આવેલ છે.

ગાંધીનગર શહેરમાં આજે ૧૧ નવા કેસ મળી આવેલ છે. શહેરમાં આજે નોંધાયેલા કેસોમાં ૬ મહિલા દર્દીઓનો સમાવેશ થાય છે.

શહેરમાં આજે પેથાપુરમાંથી ૩ તેમજ સે. ૧૨, ૧૫, ૨૪, ૨૩, ૨૫, ૨૯, કુડાસણ અને સુઘડમાંથી કેસો મળી આવેલ છે.

શહેરમાં આજે વધુ ૪૩ દર્દીઓ રિકવર થતાં તેમને ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે. શહેરમાં આજે પણ ચાર હજારથી વધુ લોકો હોમ ક્વોરોન્ટાઈન હેઠળ છે.

જિલ્લામાં આજે ૮૦૦ જેટલા એક્ટીવ કેસ છે. જિલ્લામાં મોટાભાગના દર્દીઓ હોમ આઈસોલેશન હેઠળ હોવાથી તંત્રએ આ દર્દીઓનું અસરકારક મોનીટરીંગ કરવાની સૂચનાઓ આપી છે.

# કોંગ્રેસના ત્રણ ધારાસભ્યોના સ્વર્ણિમ સંકુલ ૧ ખાતે ધરણાં

## પોલીસ વર્તણુકથી નારાજ થઈ ધરણાં પર બેઠા : સ્વર્ણિમ સંકુલમાં પ્રવેશના મુદ્દે બબાલ : ધારાસભ્યો દ્વારા અપશબ્દો બોલવામાં આવતા મામલો બિચક્યો હતો

ગાંધીનગર, તા. ૧

સ્વર્ણિમ સંકુલ ૧ ખાતે કોંગ્રેસના ત્રણ ધારાસભ્યો સાથે કરણી મનમાં પ્રવેશના મુદ્દા પર બબાલ થઈ હતી. ત્રણ ધારાસભ્યોને પ્રવેશ કરતાં પહેલાં તેમને નોંધાવવાનું કહેતા સલામતી સ્ટાફ સાથે તકરાર થઈ હતી. ધારાસભ્યોએ સલામતી સ્ટાફમાં રજૂઆત કરતાં આખરે મામલો થાળે પડ્યો હતો. જોકે ધારાસભ્યોએ તેમની સાથે થયેલા ગેર વર્તન બદલ નારાજગી વ્યક્ત કરી હતી. જ્યારે સલામતી શાખાના પી.એસ.આઈ એમ બી સાલવીએ ધારાસભ્ય દ્વારા અપશબ્દો બોલવામાં આવતા મામલો બિચકયો હોવાની વાત કરી હતી.

કોંગ્રેસના ત્રણ ધારાસભ્યોએ સ્વર્ણિમ સંકુલ ૧ ખાતે અચાનક ધરણાં પર બેસી ગયા હતા. ધારાસભ્ય કિરીટ પટેલ, લલિત વસોયા તથા લલિત કાગથરા પોલીસ વર્તણુકથી



નારાજ થઈ ધરણાં પર બેસી ગયા હતા. વિસ્તારના કામો સંદર્ભે રજુઆત કરવા માટે આવેલા ધારાસભ્યો સાથે પોલીસ કર્મચારીએ ઊંચા અવાજેથી વાત કરતા ત્રણેય ધારાસભ્યો ધરણાં પર બેસી ગયા હતા. ધારાસભ્યો સાથે થયેલા આ વર્તનને લઈ નારાજગી વ્યક્ત કરી હતી અને આવા કર્મચારીઓને મહત્વની જગ્યા પરના રાખવા કહ્યું હતું.

પોલીસ અધિકારીઓની દરમિયાનગીરી બાદ ત્રણેય ધારાસભ્યો ધરણાં પરથી ઉભા થયા હતા. શિક્ષણ મંત્રી ભુપેન્દ્રસિંહ ચુડાસમાએ કહ્યું હતુ કે ધારાસભ્યો સાથે ગેરવર્તન ન ચલાવી શકાય આ બાબતે સંબંધિત અધિકારી સાથે ચર્ચા કરીશું.

પ્રથમ માસિક પૂણ્યતિથિએ શ્રધ્ધાંજલિ



પશીબેન કેશવલાલ રાઠોડ

જન્મ તા. ૧૦/૦૩/૧૯૪૯ ● સ્વ તા. ૦૨/૦૫/૨૦૨૧

પરિવાર જેનું મંદિર હતુ, સ્નેહ જેની શક્તિ હતી,
પરિશ્રમ જેનું કર્તવ્ય હતુ, પરમાર્થ જેની ભક્તિ હતી,
ધર્મ કદી ભૂલ્યા નહિ, વ્યવહાર કદી ચૂક્યા નહિ,
પરિવાર માટે ફૂલો પાથરી ગયા.
જીંદગી હતી ટુંકી છતા મમતા ઘણી મૂકી ગયા,
એકલા ખૂણે રડી લઇશું જ્યારે આવશે તમારી યાદ,
ક્યારેય કલ્પી ન શકાય તેવી તમારી ઓચિંતી વિદાય
અમારુ કાળજુ કંપાવી ગઇ

લિ.
કેશવલાલ કે. રાઠોડ
તથા સમસ્ત પરિવાર

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...

SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
KisaN®
ashirvad
Jaquar experience bathing
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
ET TMT BARS Mazboot Bharat ki Pehchan

જગદીશ સ્ટીલ સ્ટોર્સ

પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬

શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૩૨૨

સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

www.capitaloffset.in

કેપિટલ ઓફસેટ®

AN ISO 9001:2015 Certified Company

મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ

રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેકટર-૨૮, ગાંધીનગર.
મો. : ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮
E-mail : capitaloffsetgujarat@gmail.com

ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેકટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯

બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિકસ ડિઝાઈનીંગ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com